# અનંત ચૌદસનું મહત્ત્વ

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

ભાદ્રપદચતુર્થી શ્રી ગણેશ સ્થાપના પછી દસ દિવસ સુધી એટલે 'ભાદ્રપદ સુદ ચતુર્દશી' સુધી ગણેશોત્સવ રંગેચંગે ઉજવાય છે અને અનંત ચૌદસના દિવસે પાર્થિવ ગણેશ ભગવાનની મૂર્તિનું તાપી નદીના પાત્રમાં વિસર્જન થાય છે. ઢોલ, ત્રાંસા, લેઝિમનો અવાજ રણકાર કરે છે. શસ્ત્રના દાવની, લાઠી અને કાઠીના યુદ્ધની કરામત દેખાય છે. ગણેશવિસર્જન યાત્રા વિલોભનીય અને માનવજાતિના ધર્મપ્રેમનું એક સજીવ પ્રતીક છે. બાળગોપાલ, વૃદ્ધો, નરનારી, બધા જ સંપ્રદાયના લોકો વિસર્જનયાત્રામાં જોડાય છે. એકાત્માતાનું સુંદર દર્શન દેખાય છે. શ્રી ગણેશ આદ્ય ઓંકાર ભગવાન છે. દરેક પ્રસંગમાં પ્રારંભમાં પૂજાય છે. ફલદાયી, લાભદાયી અને સંઘનાયકની ભૂમિકા ભજવે છે.

શ્રી ગણેશવિસર્જનની કતાર એટલી લાંબી હોય છે કે અંતિમ ગણેશજીનું વિસર્જન રાત્રે બાર વાગ્યા પછી જ શક્ય બને છે. શાંતિથી શિસ્ત જાળવીને નદી સુધી ભાવભક્તિ સાથે 'ગણપતિ બાપ્પા મોર્યા, અડધો લાડુ ચોર્યા' અને 'આવતા વર્ષે જલ્દી આવજો'નો પોકાર કરતા હોય છે.

સુરત મનપાએ શ્રી ગણેશવિસર્જન માટે કૃત્રિમ તળાવો પણ નિર્માણ કર્યાં છે, જેમાં શ્રી ગણેશની નાની મૂર્તિનું વિસર્જન સહજ બને છે. હાઉસીંગ સોસાયટીવાળા પોતાની ગણેશમૂર્તિ હાઉસીંગના જ પ્રાંગણમાં પાણીમાં વિસર્જિત કરે છે. ભાદ્રપદ માસનો આ ગણેશોત્સવ ખૂબ જ આનંદનો અને મહત્ત્વનો તહેવાર સનાતન ધર્મની ધ્વજારૂપ છે. એમાં શાંતિ, સમાધાન, એકાત્મકતા વધે છે અને મનુષ્યમાત્ર સંઘટિત અને ભેદભાવમુક્ત બને છે.



અનંત ચતુર્દશી વ્રતઃ

અનંત ચૌદસના દિવસે જ શ્રી ગણેશવિસર્જન હોય છે. બંને તહેવાર બહુ ગુણકારી, લાભદાયક અને સમાજ ઉપયોગી છે. બ્રહ્મપુરાણમાં ઉલ્લેખ છે. 'અનન્ત પૂજયસ્તુ પ્રાતઃકાલે, સમાહિતઃ અનન્તાં લભતે સિદ્ધિં ચક્રપાણે પ્રસ્મદતઃ' જેને અંત નથી તે અનંત એટલે સાક્ષાત પરમાત્મા, પરમેશ્વર, ઈશ્વર, દેવ, ભગવાન. પૃથ્વીમાં દરેક વસ્તુમાં જળ- સ્થલ, આકાશ-પાતાળ સર્વત્ર છે. તે પ્રભુના દર્શનયોગ્ય છે, તે સર્વ વસ્તુને યથાયોગ્ય માન-સન્માન આપીને તેની જાળવણી કરવી એ જ અનંતદર્શન છે. અહંકારરહિત માનવની સમાજસેવા જોઈને પરમેશ્વર સંતુષ્ટ થાય છે. એને વૈભવ, ઐશ્વર્ય, સમૃદ્ધિ આપે છે.

ભાદ્રપદ માસનો આ ગણેશોત્સવ ખૂબ જ આનંદનો અને મહત્ત્વનો તહેવાર સનાતન ધર્મની ધ્વજારૂપ છે. એમાં શાંતિ, સમાધાન, એકાત્મકતા વધે છે અને મનુષ્યમાત્ર સંઘટિત અને ભેદભાવમુક્ત બને છે

અનંતવ્રતની એ જ સંકલ્પના છે.

કથામાં વિદિત છે. કૌડિણ્યમુનિ અનંતવ્રતનો દોરક અહંકારને લીધે અગ્નિકુંડમાં ફેંકે છે જેથી તેઓ મહાદરિદ્ર બને છે, વન, જંગલમાં ભટકે છે. તે સમયે તેમને ગાય, બળદ, પશુ અને આમ્રવૃક્ષ તથા સરોવર- તળાવ જેવા નૈસર્ગિક નિર્મિતિનાં દર્શન થાય છે. તે બધા કૌડિણ્યમુનિને અનંતનું દર્શન કરીને અમારી વાત કરશો માટે વિનંતી કરે છે પણ મુનિ તેમની વાત પર ધ્યાન ન આપીને, પરમેશ્વરની આ પ્રકૃતિને ઓળખતા નથી અને અહંકાર સાથે આગળ વધે છે પણ પછી તેઓ નિરાશ અને ચિંતિત બની જતા પરમેશ્વરની માયાવી શક્તિને જોઈને અનંતના દર્શન માટે ઉતાવળા બને છે.

ત્યારે ભગવાન અનંત દેવ બ્રાહ્મણરૂપમાં દર્શન આપીને તેમનો ગત વૈભવ પુનશ્ચ અર્પ  કરે છે અને કૌડિણ્યમુનિ આનંદી બને છે. અનંતની પૂજામાં યમુના નદી, શેષનાગ તથા અનંતનો ચૌદ સુતનો રેશમી દોરો પૂજામાં હોય છે. યમુનાની મૂર્તિ કામક્રોધ પર સંયમ રાખવાનું પ્રતીક છે. શેષનાગ મહા સામર્થ્યવાન પણ અહંકારરહિત તત્ત્વનું પ્રતીક છે તથા અનંતનો દોરો સંસારના કાલચક્રનું પ્રતીક છે જેના ચૌદ સૂત્ર ધાગો છે અને બે છેડા છે. જેનો એક છેડો આયુષ્યનું નિમ્ન સ્તર બતાવે અને બીજો છેડો ઉચ્ચતર અવસ્થા બતાવે. મહિનામાં 14 તિથિ સુદ અને 14 તિથિ વદની છે, ઉચ્ચ છે તે વધીને પૂનમ સુધી જાય છે અને નિમ્ન છે તે ઓછી ને અમાસના અંધકારમાં જાય છે. અનંતની પૂજામાં ચૌદસૂત્રના બે અનંત હોય છે. પૂજા આવરણો પણ ચૌદ હોય છે. ફળ, પર્ણ, પત્રી, ફૂલો પણ ચૌદ પ્રકારના હોય છે. ભોજનમાં ચૌદ પ્રકારની વાનગી હોય, ચૌદ શાકભાજીઓ હોય અને ચૌદ દંપતીને ભોજનમાં આમંત્રણ હોય. તેમાં પત્નીના બેનબહનોઈને આમંત્રિતોમાં ન બેસાડે. તેઓ દંપતીના ઘરના માણસો સાથે બેસે. પૂજાના અંતે પતિ-પત્ની એકબીજાના હાથમાં અનંત દોરો બાંધે અને એક વર્ષ પછી એ જ દિવસે અનંતનું વિસર્જન કરે. આ વ્રત ચૌદ વર્ષનું છે. જમીન, જાયદાદ, વૈભવ, સમૃદ્ધિ માટે આ વ્રત કરાય છે. અધવચ્ચે, અવસાન થાય તો ઘરનો દીકરો, દીકરી કે ભાઈ વ્રત કરે અને ગણીને ચૌદ વર્ષ પછી વ્રતોદ્યાપન કરે. અનંતાય નમઃ

---

# કથા હરિ અને હરની

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

મિત્રો, આપણે ખૂબ નસીબદાર છીએ ખરું ને? કેટ-કેટલાં દેવ અને વળી જે નાતાથી જોડાવું હોય એની પૂરી સ્વતંત્રતા! નવરાત્રિ એટલે માતાજીની આરાધના, જન્માષ્ટમી એટલે નટખટ શ્રીકૃષ્ણનું સ્મરણ તો ગણપતિ ચોથ એટલે ગણપતિને લાડ લડાવવાના અને પૂરો શ્રાવણ માસ એટલે શિવ આરાધના. શંકર, શિવ, નીલકંઠ, ભોળાનાથ, આશુતોષ, મહાદેવ કેટ-કેટલાં નામો! 'હરિ તારાં છે હજાર નામ, કયા નામે લખવી કંકોતરી?' આ બધા શિવજીનાં નામોને યાદ કરીને મારે આજે પૂ. ગુરુદેવ જે હરિ અને હરના પરસ્પર પ્રેમનું વર્ણન કરે છે તે વાત કરવી છે. હરિ અને હર જુદા નથી, બંને એકબીજાના પ્રેમી છે. શ્રાવણ માસ તો વીત્યો પણ એ પવિત્ર શ્રાવણ માસની અસર મનમાં જીવંત છે. હરને યાદ કરીને હરિને પ્રસન્ન કરવાનો ભાવ છે. જેને જે ગમે તે શ્રવણ કરાવીએ તો એ વધુ રાજી થાય સાચું ને? જુઓ, આપણે હરિહરની આરતી ગાઈએ છીએ તેમાં પણ હરિ અને હરની સુંદર વાતો છે.- વાઘામ્બર-પીતાંબર શિવ-શ્યામે પહેર્યાં. કમલનયન કેશવ ને શિવજીને ત્રિનયના. ત્રિપુરારી-મોરારી જય કમલાધારી. આ થઈ હરિ અને હરની વાત. બીજી વાત ખાસ ધ્યાને લેવાની છે કે જ્યાં હર છે ત્યાં બાજુમાં જ હરિ પણ બિરાજે છે. સોમનાથ છે તો બાજુમાં જ દ્વારકાનાથ છે. કેદારનાથ છે તો બાજુમાં જ બદરીનાથ છે. વિશ્વનાથ છે તો બાજુમાં જગન્નાથ છે. રંગનાથ છે તો રામેશ્વર પણ છે. શ્રીનાથદ્વારાની બાજુમાં એકલિંગજી પણ છે. હરિ અને હર કહેવા, સાંભળવા, જોવામાં ભલે બે હોય વાસ્તવમાં એક જ છે. આવો, શિવજીનું સ્મરણ કરીએ. 'હમ શિવજી કે, શિવજી હમારે હૈ' શિવ અને શિવા બંને જોવામાં અલગ છે પણ હકીકતમાં એક જ છે. જેમ વાણી અને અર્થ ભિન્ન હોવા છતાં અભિન્ન છે. જેમ પાણી અને પાણીમાં ઊઠનારા તરંગ કહેવામાં બે છે પણ હકીકતમાં એક જ છે. તેમ જોવામાં તો શિવ અને શિવા બંને અલગ છે પણ હકીકતમાં એક જ છે. શિવ અને પાર્વતી આ જગતનાં માતા-પિતા છે. શ્લોક જોઈએ- વાગર્થાવિવ સંપૃકતૌ વાગર્થ પ્રતિપત્તયે.

'જગતઃ પિતરૌ વન્દે પાર્વતી પરમેશ્વરૌ' પાર્વતી પરમેશ્વરૌ એ તો છે જ પણ પાર્વતી 5 રમેશશ્વરો. શબ્દનું અર્થઘટન અલગ થઈ શકે. એ જ ભાવથી આ શ્લોકને વિદ્વાનોએ અલગ અર્થમાં પણ લીધો છે. અહીંયા શિવ અને પાર્વતીના જ એકત્વની વાત નથી પણ પાર્વતી પરમેશ્વરૌ એટલે પાર્વતીના પતિ ભગવાન શિવ અને રમેશશ્વરૌ એટલે રમાના ઈશ. રમા એટલે ઈંદિરા, લક્ષ્મીના સ્વામી. મતલબ શિવ અને વિષ્ણુ અલગ દેખાય પણ વાસ્તવમાં એક જ છે. આરાધ્ય અને આરાધકનો ભાવ દેખાય છે. બંને એકબીજાના આરાધ્ય અને આરાધક પણ છે. રામચરિત માનસમાં તુલસીજી લખે છે- 'સેવક-સ્વામી સખા સિયથી કે' સિય પી રામ એના ઈશ્વરઃ = રામેશ્વર રામના સ્વામી શિવ શિવસ્થ હૃદયં વિષ્ણઃ ભગવાન વિષ્ણુ, ભગવાન શ્રી હરિ શિવજીનું હૃદય છે અને શિવજીનું હૃદય છે

સોમનાથ છે તો બાજુમાં જ દ્વારકાનાથ છે. કેદારનાથ છે તો બાજુમાં જ બદરીનાથ છે. વિશ્વનાથ છે તો બાજુમાં જગન્નાથ છે. રંગનાથ છે તો રામેશ્વર પણ છે. શ્રીનાથદ્વારાની બાજુમાં એકલિંગજી પણ છે



ભગવાન વિષ્ણુ બંને વચ્ચે પરસ્પર અનુરાગ છે. તુલસીજીએ શિવજી અને રામજી વચ્ચે ત્રણ પ્રકારનો સંબંધ જણાવ્યો છે- શંકરજી ભગવાન શ્રીરામના સેવક, સ્વામી અને સખા છે. ત્રણ ભાવ છે. શંકરજી ભગવાન નારાયણના સેવક છે, વિષ્ણુને ભજનારા પરમ વૈષ્ણવ છે એટલે જ વિષ્ણુ સમાન શૈવ કોઈ નથી અને શિવ સમાન વૈષ્ણવ કોઈ નથી. બંને એકબીજાના સ્વામી છે, એકબીજાના સખા છે. ભગવાન વિષ્ણુની આરાધના- સેવા કેવી રીતે કરાય એ શિવજી પાસેથી શીખવું જોઈએ. તો ક્યારેક ભગવાન વિષ્ણુ શિવ આરાધનામાં એવા લીન હોય કે નિત્ય 1000 કમળથી અર્ચન કરવાનો સંકલ્પ લઈ બેઠો હોય ને ભગવાન વિષ્ણુના પૂજનમાં જ્યારે એક કમળ ઓછું થયું તો જેમણે હજારમાં કમળના સ્થાન પર પોતાનું નેત્રકમળ સમર્પિત કરી દીધું! આ કથાથી આપ સૌ માહિતગાર છો જ. 'યુટ્યુબ' પરથી આને લગતું જ ભજન પ્રાપ્ત થયું જે લખી રહી છું- 'શંકરને વહાલો શામળિયો એવા ભોળાને - ભગવાન હરિહર એક જ છે. હરિચરણથી ગંગા પ્રગટ થયા એનું શિવને માથે સ્થાન, હરિકમળ લઈને હજાર બેઠા એનું પૂજામાં છે ધ્યાન હરિહર એક જ છે. એક કમળ શિવજીએ સંતાડ્યું ત્યારે નેત્ર ધરાવે ઘનશ્યામ હરિહર એક જ છે. ત્યારે પીનાકપાણિ પ્રસન્ન થયા આપે ચક્ર સુદર્શન હાથ હરિહર એક જ છે. પોતાનાં આરાધ્યને સમર્પિત કરો. જે કંઈ સત્ત્વકર્મ કરો તે આરાધ્યને સમર્પિત કરો. વિદ્યા હોય તો વિદ્યા સમર્પિત કરો. માનસમાં તો છે. વિશ્વામિત્રજી રામ-લક્ષ્મણને પોતાના આશ્રમમાં લઈને આવે છે. તુલસીજી કહે- 'તબ ઋષિ નિજ નાથહિ' જિય ચિન્હીં, વિદ્યાનિધિ કહું વિદ્યા દીન્હીં' વિશ્વામિત્રજી રામને ઓળખીને પોતાની બધી વિદ્યા રામને સમર્પિત કરે છે! કોણ છે રામ? બોલે-વિદ્યાનિધિ. શું આપ્યું? વિદ્યા કમાલ! જે સ્વયં વિદ્યાનિધિ છે એમને વિદ્યા આપવાનું શું તાત્પર્ય? જેની પાસે વિદ્યા ન હોય તેને આપે તો સમજાય. સાધારણ તથા દાન કરવાની વાત આવે તો જેની પાસે ખૂબ છે એને ન આપીએ ખરું ને? જે વંચિત છે, શોષિત છે, જરૂરતમંદ છે એને આપીએ. કરોડપતિને 1 લાખ રૂ. કવરમાં મૂકીને થોડા અપાય? એક તો એને જોઈતા ન હોય, કરોડપતિ, અરબપતિને 1001/- આપો તો એને પણ ન ગમે. ગુરુદેવ સ્વહસ્તે દેવર્ષિ, બ્રહ્મર્ષિ, રાજર્ષિનું ભાવપૂજન કરે તો એમાં આ પણ થાય રાજર્ષિ કંઈ છે. એ છે જે તમે સારી રીતે કમાઈને પરમાર્થમાં વાપરો છો જેને કારણે અમે આપનું ભાવપૂજન કર્યું છે તો થોડું કંઈક આમાં છે એ એટલા માટે કે આપ જે કંઈ કરો છો એમાં આ તુલસીપત્ર પણ અમારા તરફથી સંમિલિત કરજો અને આપતાં રહેજો. આપ આને કૃપા કરીને અન્યથા ન લેતા નહીં તો અમે કરોડપતિ, કરોડો ખર્ચ કરીએ અને આપ અમને શું દક્ષિણા આપો! અમે કેમ સ્વીકારીએ? એક વાત કહું? વાત ખૂબ મહત્ત્વની છે, સમજાય તો. જો આપણે કરોડપતિને 1001/- આપવામાં સંકોચ અનુભવીએ, લેવાવાળાને સ્વાભાવિક સંકોચ થાય એ સ્વયં આપતો હોય. ત્યાગ કરવામાં આપ સ્વતંત્ર છો.

દાન કરવામાં આપ સ્વતંત્ર નથી. દાએટલે જ દાતા (દાન કરનાર) સ્વીકાર કરવાવાળાને પ્રણામ કરે. એ આપણી પરંપરા છે. આપવાવાળો પ્રણામ કરે! તમે સ્વીકાર કરીને મને અનુગ્રહિત કર્યો. હું ઉપકૃત થયો. જ્યાં સુધી ધન મારી પાસે હતું હું ધની હતો. એને સ્વીકારી આપે મને ધની બનાવ્યો. મારી કક્ષાને ઉપર ઉઠાવી! ધની તમે પુરુષાર્થથી બની શકો. ત્યાગી બનવામાં તમે સ્વતંત્ર છો પણ ધની ત્યારે જ બની શકો જ્યારે કોઈ સ્વીકારનારો હોય. આ છે ભારતીય સંસ્કૃતિ! આ છે ઋષિઓના વિચાર! આ છે હિંદુત્વ.

(પૂ. રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી)ના સત્સંગને આધારે)